# પ્રાંતિજના અનવરપુરા ગામમાં બ્રહ્માણી માતાનો પંદરમો પાટોત્સવ યોજાયો

**સમાજના ભાઇ-બહેનો સહિત માઇ ભક્તો ઉપસ્થિત રહ્યાં: દર્શન કરી હવન નો લાભ લઇ ગામ લોકોએ ધન્યતા અનુભવી**



પ્રાંતિજ તા.૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના અનવરપુરા ગામમાં બ્રહ્માણી માતાનો પંદરમો પાટોત્સવ ધામધૂમથી યોજાયો હતો. પ્રાંતિજ ના અનવરપુરા ગામમાં આવેલ બ્રહ્માણી માતાજી, ઉમિયા માતાજી , અંબે માતાજી,કષ્ટભંજન હનુમાનજી , ગણપતિ દાદા ના મંદિર નો પંદરમો પાટોત્સવ યોજાયો હતો જેમાં મંદિર પરિષદ માં નવચંડી યજ્ઞ,શ્રીફળ હોમ સહિત ના કાર્યક્રમો યોજાયા હતાં તો પંદરમો પાટોત્સવ ના મુખ્ય યજમાન સ્વ. મોહનદાસ ગોરધનદાસ પટેલ , સ્વ કકુબેન મોહનદાસ પટેલ હસ્તે રાજકુમાર ભરતભાઈ પટેલ, કુલદીપભાઈ દરશથભાઈ પટેલ પરિવાર દ્વારા યોજાયો હતો તો રાત્રી સમયે રાસ ગરબા નું પણ અનવરપુરા ગ્રામ ના યુવક મંડળ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું છે તો પાટીદાર કડવા સમાજ ના ભાઈ બહેનો સહિત આજુબાજુ માં રહેતાં ગ્રામજનો અને ધર્મપ્રેમી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને નવચડી યજ્ઞ દર્શન કરી પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી અનવરપુરા ગ્રામ ના યુવાન અને પાટીદાર સમાજ યુવક મંડળ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

## અરવલ્લી જિલ્લાના સખી વન સ્ટોપ સેન્ટરે માનસિક રીતે અસરગ્રસ્ત મહિલાને ૨ વર્ષ ની દિકરી સાથે મિલન કરાવ્યું

બાયડ તા.૨૫

કલેકટર શ્રીની અધ્યક્ષતા હેઠળ તથા સખી વન સ્ટોપ સેન્ટર ના નોડલ અધિકારી અને મહિલા અને બાળ અધિકારીશ્રી માર્ગદર્શનથી પરખ સંસ્થા સંચાલિત સખી વન સ્ટોપ સેન્ટર અરવલ્લી દ્વારા તા-૨૩/૦૨/૨૦૨૨ ના રોજ રાત્રે પરખ સંસ્થા સંચાલિત સખી વન સ્ટોપ સેન્ટર ખાતે ૧૮૧ મહિલા હેલ્પ લાઈન દ્વારા મહિલા ને ૨ વર્ષ ની દિકરી સાથે માનસિક રીતે અસ્વસ્થ મહિલાને આશ્રય આપવામાં આવેલ જેઓને રાત્રે કીટ તથા કપડાં આપીને નવડાવીને આરામ કરવા જણાવેલ બીજા દિવસે સખી વન સ્ટોપ સેન્ટર ના કર્મચારીઓ દ્વારા બેનને મેડિકલ સારવાર કરાવેલ તેમજ કાઉન્સેલિંગ કરતાં જાણવા મળેલ કે ખેડા જિલ્લાના વાંઠવાડી ગામના વતની છે ત્યારે બેનના ગામના જાગ્રુત નાગરિક દ્વારા બેનના ની પરિવાર ની શોધખોળ કરેલ અને બેનનો પરિવાર મળી આવેલ હતો અને તેઓની સાથે ટેલિફોનિક કાઉન્સેલિંગ કરેલ જેથી જાણવા મળેલ કે બેનનુ પિયર ત્યા છે અને



સાસરી ખેડા જિલ્લાના મહુધા તાલુકાના રુપપુરા ગામના છે.જેઓ આજુબાજુ ના વિસ્તારમાં શોધખોળ કરેલ પરંતુ ક્યાય મળેલ નહી અને અચાનક ૧૮ દિવસે સખી વન સ્ટોપ સેન્ટર અરવલ્લીમાંથી ફોન આવતા અચાનક પરિવારમા ખુશી જોવા મળેલ મળી અને આજ રોજ પિયર પક્ષ અને સાસરીપક્ષ વાળા સખી વન સ્ટોપ સેંન્ટર અરવલ્લી ખાતે લેવા બોલાવી પરિવાર સાથે પુનઃસ્થાપન કરાવેલ છે.

**અરવલ્લીની ખોફનાક ઘટના**

# બીટી છાપરામાં શરીરે વિસ્ફોટક બાંધી પતિનો પત્ની સાથે આત્મઘાતી વિસ્ફોટ

## વિસ્ફોટમાં બંનેના ફુરચા ઉડયા

બાયડ,તા.૨૫

અરવલ્લીના મેધરજ તાલુકાના બીટી છાપરા ગામે માથા ફરેલ પતિએ પત્ની ઉપર વહેમ રાખી પોતાના શરીરે ડીટોનેટર બાંધી પત્ની ને બાથ ભીડી વિસ્ફોટ કરતાં બંનેના કમકમાટી ભર્યા મોત નીપજ્યા છે.જિલ્લાના ઈતિહાસમાં પત્ની સાથે આત્મઘાતી વિસ્ફોટ ની ઘટના સામે આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી છે.જ્યારે પતિના આત્મઘાતી બનાવ બાદ પોલીસ તંત્ર દોડતું થયું છે.

ચકચાર જગાવનાર ઘટનાની મળેલ માહિતી મુજબ મોડાસા તાલુકાના ડેરા ડુંગરી ગામના લાલાભાઈ સોમાભાઈ પગી તેમનાં પત્ની શારદા બેન ઉપર ચારિત્ર્યનો ખોટો વહેમ રાખતા હતા જેથી તેમને મારી નાખવાનો ઈરાદો મનમાં રાખી તક ની રાહ જોતા હતા.દરમ્યાન શારદા બેન વહેમીલા પતિ થી કંટાળી થોડાક સમય થી પિયર મેધરજના બીટી છાપરા ગામે ચાલ્યાં ગયા હતા જેથી તા.૨૪ ના રોજ પતિ લાલા પગી ત્યાં પહોંચ્યો હતો અને રાત્રીના સમયે પોતાના શરીરે કૂવામાં તેમજ પથ્થર તોડવા માં ઉપયોગી ડિટોનેટર કેપ વાયર સાથે લપેટી પત્ની શારદા બેનને બાથે પડી ગયો હતો.પત્ની અને અન્ય લોકો કંઈ સમજે તે અગાઉ ખુન્નસ સવાર પતિએ કેપ ફોડી વિસ્ફોટ કરતા બંનેના શરીરનાં ચીંથરા ઉડી ગયા હતા.વહેમમાં પાગલ પતિએ વિસ્ફોટ સાથે પોતે અને પત્ની ને ધડાકામાં ઉડાવી દેતાં સમગ્ર પંથકમાં હડકંપ મચી ગયો છે.રાત્રે વિસ્ફોટ થી વાતાવરણ ધ્રુજી ઉઠતા પોલીસ ના ઉચ્ચ અધિકારીઓ તાબડતોબ બનાવ સ્થળે પહોંચ્યા હતા.આત્મઘાતી વિસ્ફોટ સમયે મૃતક ના પુત્ર ધરની બહાર હોવાથી બચી ગયો છે પરંતુ એક શેતાન બનેલા પિતાએ ન કલ્પી શકાય તેવું કૃત્ય આચરતા દિગ્મૂઢ બની ગયો છે. હતપ્રત કરનારી આ ધટના માં વિસ્ફોટક સામગ્રી ક્યાં થી લીધી ? તે તપાસનો વિષય બન્યો છે.બનાવ અંગે ઈસરી પોલીસે મૃતક પતિ સામે પત્નીની હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# રાષ્ટ્રીય મહિલા આયોગના સદસ્ય રાજુલાબેન દેસાઈ ડીસાની મુલાકાતે

**મહિલાઓ ઉપર થતા અત્યાચાર રોકવા બાબતે બેઠક યોજી**





ડીસા, તા. ૨૫

સમગ્ર ભારત દેશમાં મહિલાઓ પર થતા અત્યાચારને અટકાવવા માટે મહિલા આયોગ દ્વારા વિવિધ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે ત્યારે તેના ભાગ રૂપે ગુરુવારે મહિલા આયોગના સભ્ય એવા રાજુલાબેન દેસાઈએ ડીસાની મુલાકત લીધી હતી તેમજ દેશમાં વધી રહેલા મહિલાઓ ઉપર અત્યાચારને અટકાવવા માટે ડીસાની કોલેજો, વિવિધ સ્કુલો તેમજ સરકારી કચેરીમાં ફરજ બજાવતી મહિલાઓ સાથે બેઠક યોજી મહિલાઓ પર થતા અત્યાચારો અટકાવવા તેમનામાં જાગૃતી લાવવા તેમજ સક્ષમ બનવા માટે બેઠક યોજી ચર્ચા કરી હતી.

મહિલા આયોગના સભ્ય રાજુલા બેન દેસાઈએ કોલેજોમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીઓ ,સરકારી કર્મચારીઓ મહિલાઓ, આંગણવાડી મહિલાઓ, આશાવર્કર બહેનો સાથે અલગ અલગ જગ્યાએ બેઠક યોજી હતી અને મહિલાઓ પર થતા અત્યાચારને અટકાવવા માટે મહિલાઓને જાગૃત કરવામા આવી હતી તેમજ આ અત્યાચાર અટકાવવા માટે ખુદ મહિલાઓને સક્ષમ બની આગળ આવવા માટે પણ હાકલ કરી હતી તેમજ મહિલા આયોગ દ્વારા મહિલાઓને સુરક્ષા માટે સરકાર દ્વારા બનાવેલી વેબસાઈટો ઉપર પોતાની સાથે થયેલા અત્યાચાર બાબતે પણ આયોગને જાણ કરે જેથી મહિલા આયોગ દ્વારા તાત્કાલિક ધોરણે જે મહિલા અત્યાચારનો ભોગ બની હોય તેને મદદ કરી શકાય. આજની બેઠકમાં મોટી સખ્યામાં મહિલાઓ સહિત સિનિયર સીટીઝન ઉપસ્થિત રહ્યા હતા.

# ડીસા નગર પાલિકાની સાધારણ સભા તોફાની બની

**વિપક્ષ અને શાશક પક્ષના સદસ્યો દ્વારા સામ સામે આક્ષેપ કરવામાં આવતા હોબાળો મચ્યો : પોલીસની ઉપસ્થિતિ હોવા છતાં અધવચ્ચે જ સભા આટોપી દેવામાં આવી**

ડીસા, તા. ૨૫

ડીસા પાલિકા સભાખંડમાં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સ્પેશયલ બોર્ડની બેઠક શુક્રવારે યોજાઈ હતી. જોકે બોર્ડ શરૂ થયાના થોડા સમયમા જ વિપક્ષ ને ભાજપના સદસ્યો ખાનગી સોસાયટીમાં સીસી રોડ મંજૂર કરવાની બાબતને લઈ આમને સામને આવી ગયા હતા અને એકબીજા ઉપર આક્ષેપ પ્રતિ આક્ષેપ કરતા મામલો ગરમાયો હતો. જેથી હોબાળો મચી જતા અધ્યક્ષ દ્વારા અધવચ્ચે જ સભા મોકૂફ કરવામાં આવી હતી.

ભાજપ સાશીત ડીસા નગર પાલિકામાં શુક્રવારે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સ્પેશયલ બોર્ડની બેઠક મળી હતી. પાલિકા પ્રમુખ રાજુભાઈ ઠક્કરની અધ્યક્ષતામાં મળેલી આ સાધારણ સભાની બેઠકમાં પ્રમુખ સ્થાનેથી રાજ્ય સરકારના આઝાદી ના અમૃત મહોત્સવ અંતર્ગત વેરા માફી તેમજ એડવાન્સ વેરો ભરનારને મળતા વળતર બાબતે અવગત કરવામાં આવ્યા હતા. તે દરમિયાન ભાજપના સદસ્ય દ્વારા પાલિકાના ચાલતા કામોમાં સુપરવિઝન ના થતું હોવાના આક્ષેપ કરવામાં આવ્યા હતા તેમજ લોક ભાગીદારીથી બનાવવામાં આવતા રસ્તા બાબતે પણ અપક્ષના સદસ્ય મંજુલાબેન રાવલ અને ભાજપના સદસ્ય ચેતનભાઈ ત્રિવેદી દ્વારા જણાવાયું હતું કે અમને આ કામો મંગાવ્યાની જાણ કરાઈ નથી તેમજ ડીસાની વિવિધ સોસાયટીમાં બનતા નવા રોડમાં વિસંગતતા હોવા ઉપરાંત જ્યાં કોઈ રહેતું નથી ત્યાં રોડ મંજૂર કરવામાં આવ્યા છે જ્યાં વર્ષોથી લોકો રહે છે ત્યાં આજદિન સુધી રોડ બન્યા નથી. જે બાબતને લઈ આમ આદમી પાર્ટીના સદસ્ય વિજયભાઈ ત્રિવેદી અને કોંગ્રેસના સદસ્ય ભાવિબેન શાહ દ્વારા ભારે વિરોધ દર્શાવામાં આવ્યો હતો. જે દરમિયાન ભાજપના સભ્યો પણ વેલમાં ઘુસી આવ્યા હતા અને વિપક્ષ અને શાશક પક્ષના સદસ્યોએ એકબીજા ઉપર ભારે આક્ષેપ અને પ્રતિ આક્ષેપ કરતા મામલો બીચકયો હતો અને બોર્ડની ગરીમાં પણ જાળવ્યા વિના સામ સામે આવી જતા પોલીસને પણ સભ્યોને શાંત કરવા માટે ચાલુ બોર્ડમાં આવવું પડ્યું હતું. જોકે



પોલીસના હસ્તક્ષેપ બાદ પણ સભ્યો શાંત ના રહેતા આખરે સભાની કામગિરી અધવચ્ચે સ્થગિત કરવી પડી હતી.

અત્રે ઉલ્લેખનીય છે ડીસામાં આજે યોજાયેલી સાધારણ સભામાં જે પ્રકારે શિક્ષિત સદસ્યો દ્વારા હોબાળો મચાવ્યો. તેમાં પાલિકા અધ્યક્ષ તેમજ સરકારની આઝાદી કા અમૃત મહોત્સવની ગરીમાંને પણ જાળવવામાં નિષ્ફળ ગયા હતા.

**ભગવા સતાધારી પક્ષને સદબુદ્ધિ આપે : વિજયભાઈ ત્રિવેદી**

આ બાબતે આમ આદમી પાર્ટીના સદસ્ય વિજયભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે આજે બોર્ડની બેઠકમાં શાશક પક્ષ દ્વારા મંજૂર કરવામાં આવેલ રોડ રસ્તા કે જ્યાં સોસાયટી બની નથી તેમજ રોડ બની ગયા હોવા છતાં પણ ફરીથી ત્યાં રસ્તા બનાવવાના કામને મંજૂરી આપવા બાબતે અમોએ વિરોધ કરતા ભાજપના સદસ્યોએ અમને ડરાવવાનો પ્રયાસ કર્યો પણ અમે શહેરના વિકાસ માટે સતત લડીશુ. શહેરમાં પાયાના પ્રશ્ન રખડતા ઢોર બાબતે પણ પાલિકા કોઈ જ કાર્યવાહી કરતી નથી. જરૂરી કામોની જગ્યાએ અન્ય કામોને મંજૂર કરવામાં આવી રહ્યા છે આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે ડીસાવાસીઓ પાલિકાના એવા લોકોને ચૂંટીને મોકલે જેને ડીસાના વિકાસમાં રસ હોય આમ, આજે સતાધારી પક્ષ દ્વારા અમને ડરાવવાનો પ્રયાસ કરી સમગ્ર બાબત આડા પાટે લઈ જઈ હોબાળો મચાવ્યો અને અધવચ્ચે સભા છોડી ભાગી ગયા છે તે યોગ્ય નથી.

**ભાજપના સદસ્યોએ હુમલો કરવાનો પ્રયાસ કર્યો : ભાવિબેન વિપુલભાઈ શાહ**

આ બાબતે કોંગ્રેસ સદસ્ય ભાવિબેન વિપુલભાઈ શાહે જણાવ્યું હતું કે આજની સભામાં સાશક પક્ષ દ્વારા હાઈવે સ્થિત ખાનગી સોસાયટીના રોડ મંજૂર કરવા બાબતે અમોએ સરકારની ગ્રાન્ટનો દુરુપયોગ થતો હોઈ વિરોધ કરતા કેટલાક ભાજપના ગુંડા જેવા સદસ્યોએ મારી ઉપર અંગત એટેક કર્યો તે ખોટું છે. શહેરના વિકાસ માટે અમો આ રીતે વિરોધ કરી લડત આપીશુ.

**વિપક્ષને વિકાસ કામોમાં રસ નથી : રાજુભાઈ ઠક્કર :**

પાલિકા પ્રમુખ રાજુભાઈ ઠક્કરે જણાવ્યુ હતું કે આજે ડીસા પાલિકા હોલ ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત પ્રજાલક્ષી બોર્ડ હતું.જેમાં રાજ્ય સરકારે કોરોના મહામારી દરમિયાન લોકોના ધંધા રોજગાર પડી ભાગ્યા હોઈ પાલિકાના વેરા ભરપાઈ કરવામાં સક્ષમ ના હોઈ રાજ્ય સરકાર દ્વારા જુના બાકી વેરામાં વળતર સાથે નોટિસ ફી અને વ્યાજ પણ માફ કરવાની જાહેરાત કરી છે ત્યારે આજના આ પ્રજાલક્ષી બોર્ડની કામગીરી વિપક્ષના સદસ્યોને ગમી ના હતી અને વિરોધ દર્શાવ્યો હતો પરંતુ ભારતીય જનતા પાર્ટી શાશીત ડીસા પાલિકામાં અનેક વિકાસલક્ષી કામોને અગ્રીમતા આપી લોકોના પ્રાણ પ્રશ્નોને વાચા આપવાનો અમારો પ્રયાસ સતત જારી રહેશે. આજે વિપક્ષ દ્વારા બોર્ડની ગરીમાં જાળવ્યા વિના બીન જરૂરી અને ખોટા આક્ષેપ કરી બોર્ડની કામગીરીને ખોરંભે ચડાવી છે અને હોબળો કરવામાં આવ્યો છે તે તદ્દન ગેરવ્યાજબી છે.

## ધનસુરાના શિક્ષકે કિંમતમાં સસ્તી, ટકાઉ અને મુવેબલ દેસી સગડી બનાવી



ધનસુરા, તા. ૨૫

અરવલ્લી જિલ્લાના ધનસુરા ની પ્રાથમિક શાળા નંબર - ૧ ના શિક્ષક કલ્પેશભાઈ પ્રજાપતિ એ એક અનોખી દેશી સગડી બનાવી છે ગામડાઓમાં રસોઈ માટે ચૂલાનો ઉપયોગ વધુ થતો હોય છે ત્યારે તેમાંથી નીકળતો ધુમાડો મહિલાઓને નુકસાન કરતો હોય છે જેથી તેના વિકલ્પ રૂપે આ દેસી સગડી બનાવી છે આ સગડી ધુમાડા રહિત છે અને ચીમની ની સગવડવાળી છે જેથી ધુમાડો ચીમની મારફતે ઉપરથી નીકળી જાય છે જેથી મહિલાઓ ધુમાડા ના સંપર્ક માં ન આવે આ સગડી તેમને રેતી,સિમેન્ટ, ઈંટ અને લોખંડથી બનાવી છે જે કિંમતમાં સસ્તી અને ટકાઉ અને મુવેબલ છે આ સગડી ને એક જગ્યાએથી બીજી જગ્યાએ ગમે ત્યારે ખસેડી શકાય છે ગામમાં જે ચૂલા હોય છે તે એક જગ્યા એ હોય છે જ્યારે આ સઘડી માં નીચે ટાયર બનાવવામાં આવ્યા છે જેથી સગડી ને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જઈ શકાય છે.આ ઉપરાંત એક સાથે બે વસ્તુઓ રાંધી શકાય તેવી પણ સગવડ કરવામાં આવી છે અને બહારની દીવાલ ગરમ ન થાય અને લાકડાનું સંપૂર્ણ દહન થાય એવી રીતે દેશી સગડી નું નિર્માણ કરવામાં આવ્યું છે.

**રક્તદાન મહાદાન**

## પવિત્ર યાત્રાધામ શામળાજી મંદિર પરિસર ખાતે દ્વિ-દિવસીય શામળાજી મહોત્સવ યોજાશે

**જિલ્લા પ્રભારી મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોર શામળાજી મહોત્સવને ખુલ્લો મુકશે**

બાયડ તા.૨૫

રમત-ગમત, યુવા અને સાસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર અને જિલ્લા વહિવટી તંત્ર, અરવલ્લી દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત અરવલ્લી સ્થિત જગપ્રસિધ્ધ પવિત્ર યાત્રાધામ ખાતે શામળાજી દ્વિ દિવસીય શામળાજી મહોત્સવ યોજાશે.

તા. ૨૬ અને ૨૭ ફેબુઆરી ૨૦૨૨ના રોજ શામળાજી પરીસર ખાતે રાત્રે ૮-૦૦ કલાકે યોજાનાર શામળાજી મહોત્સવને ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ વૈધાનિક અને સંસદીય બાબતો તથા જિલ્લા પ્રભારી મંત્રીશ્રી ડૉ.કુબેરભાઈ ડિંડોર ખુલ્લો મુકશે. જેમાં મુખ્ય મહેમાન તરીકે સાંસદશ્રી દિપસિંહ રાઠોડ અને જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી લાલસિંહ ચૌહાણ, પ્રભારી સચિવશ્રી રૂપવંતસિંહ, બાયડ, મોડાસા અને ભીલોડાના ધારાસભ્યશ્રીઓ ઉપસ્થિત રહશે.

આ મહોત્સવમાં પ્રથમ દિવસે ઝાંઝરી કલ્ચર ગ્રુપ દ્વારા કૃષ્ણલીલાની પ્રસ્તુતિ રજૂ કરવામાં આવશે જયારે બીજા દિવસે ગુજરાતી ફિલ્મોના સુપરસ્ટાર શ્રી હિતુ કનોડિયા અને કલાવૃંદ દ્વારા લોકગીતોની પ્રસ્તુતિ કરવામાં આવશે

જેમાં રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સચિવ શ્રી અશ્વિનીકુમાર, કમિશ્નર શ્રી પી.આર.જોષી તથા અરવલ્લી જિલ્લા કલેકટર શ્રી ડૉ.નરેન્દ્રકુમાર મીના દ્વારા જિલ્લાવાસીઓને ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવેલ છે.

# પાલનપુરમાં વિરબાઈગેટથી સમતા સ્કૂલ સુધીના ખખડધજ રોડથી હાલાકી...

**યાત્રાધામ અંબાજીને જોડતો માર્ગ સાવ બિસ્માર બનતા વાહન ચાલકોને મુશ્કેલી : ભૂગર્ભ ગટર માટે ખોદી નખાયેલા મુખ્ય માર્ગનું સમારકામ ન કરાતા લોકોમાં રોષ**

પાલનપુર તા. ૨૫

પાલનપુર શહેરમાં માથાના દુખાવા સમાન બિસ્માર રોડ રસ્તાઓની સમસ્યાનું નિરાકરણ લાવવા માં ન આવતા લોકોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. જેમાં સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ને સાંકળતા પાલનપુરના વિરબાઈ ગેટ થી જનતા નગર અને સમતા સ્કૂલ સુધી નો મુખ્ય માર્ગે છેલ્લા સમયથી ખખડધજ હાલત માં હોઈ આ માર્ગે પસાર થતા વાહનો અને લોકોને ભારે હાલકીનો સામનો કરવો પડી રહ્યો છે.

આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,

પાલનપુરમાં ભૂગર્ભ ગટરની પાઈપ લાઈન નાખવાની કામગીરીમાં કોટ અંદરના વિસ્તારમાં આડેધડ ખોદકામ કરવામાં આવતા મોટાભાગના રોડ રસ્તા બિસ્માર બન્યા છે .


જેમાં પાલનપુર થી અંબાજી જવાના મુખ્ય માર્ગ ઉપર વિરબાઈ ગેટથી મીરાગેટ, સોનપતી હનુમાન મંદિર થી સમતા સ્કૂલ સુધીના માર્ગ પર છ માસ અગાઉ ભૂગર્ભ ગટર માટે ખોદકામ કર્યા બાદ ઉબડ ખાબડ બનેલા આ ખખડધજ રોડનું સમાર કામ કરવામાં ન આવતા આ માર્ગે પસાર થતા વાહન ચાલકોમાં સતત અકસ્માત સર્જાવા ની ભીતી સેવાઈ રહી છે આ મુખ્ય માર્ગ પર ઠેરઠેર મસ મોટા ખાડા પડી ગયા હોય વાહન ચાલકો અને લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે તેમ છતાં જવાબદાર તંત્ર દ્વારા આ બિસ્માર માર્ગનું સમારકામ હાથ ધરવામાં ન આવતા લોકોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે.

**બિસ્માર માર્ગથી વાહનો સોસાયટીઓમાં પસાર થાય છે**

મીરાગેટ થી સમતા સ્કૂલ સુધીનો મુખ્ય માર્ગ સાવ બિસ્માર બન્યો હોઈ દાંતા અંબાજી તરફ થી આવતાં અને પાલનપુર તરફ થી જતા વાહનો સોનબાગ સોસાયટી માંથી પસાર થવા લાગતા સ્થાનિકોમાં અકસ્માત સર્જાવા ની દહેશત વર્તાઈ રહી હોય આ માર્ગ નું સત્વરે સમાર કામ કરવાની સ્થાનિકોમાં માંગ ઉઠી છે.



## જન્મદિને વધામણી



પંચાલ કુમારિલ વિક્રમભાઇ
બાયડ જી. અરવલ્લી



રાજેન્દ્રકુમાર ઈશ્વરભાઈ પટેલ
આકરૂંદ તા. ધનસુરા



જીજ્ઞાશાબેન યોગેશભાઈ સોની
ઈડર



ડો.પ્રકાશ પટેલ
સુંદરપુરા તા.બાયડ



અલ્પાબેન નીતિનભાઈ બારોટ
ડેમાઈ ૧ પ્રાથમિક શાળા
આકૃંદ તા. ધનસુરા

## મોડાસાના કઉ ગામે પતિના ત્રાસથી મહિલાની કૂવામાં મોતની છલાંગ

**પતિ સામે ગુનો નોંધાયો**

બાયડ તા.૨૫

મોડાસા તાલુકાના કઉ ગામે નિસંતાન મહિલાએ પતિના ત્રાસથી કૂવામાં મોતની છલાંગ લગાવી આત્મહત્યા કરતા પતિ સામે મરવા સુધી દુષ્પ્રેરણનો ગુનો નોધાયો છે.બનાવ અંગે મોડાસા ગ્રામ્ય પોલીસે તપાસ શરૂ કરી છે. મહિલાઓ ઉપર અત્યાચારના બનાવ રોજના થઈ ગયા છે.ત્રાસ સહન ન થતાં અનેક મહિલાઓ પતિ અને સાસરિયાંના ત્રાસમાં આપધાત કરવા મજબૂર બનતી હોય છે.માલપુર તાલુકાના સાતરડા ગામના નાના ભાઈ કોટવાળ ની દીકરી કિંજલ ને મોડાસાના કઉ ગામના ગૌરવ મારીવાડ સાથે પરણાવવામાં આવી હતી.૪ વર્ષના સમય દરમ્યાન દીકરી નિઃસંતાન રહી હતી જેથી પતિ દ્વારા છેલ્લા ૨ વર્ષથી માનસિક શારીરિક ત્રાસ આપવામાં આવતો હતો.જેથી તા.૨૪ ના રોજ પતિના રોજની માથાકૂટ થી કંટાળી કિંજલે ઘર નજીકના કૂવામાં કૂદકો મારી જીવ આપ્યો હતો.